નમસ્કાર ગાંધીનગર

પમરાટ

નદી આજ પોતે તરસ થૈ જવાની
અહીં એક ઇચ્છા બરફ થઈ જવાની
હવે ઝાડ બદલે, ઊગે છે મકાનો ,
વનોને ફડક છે,નગર થૈ જવાની !

- અરવિંદ ગજ્જર

પાથેય

- રમેશ ઠક્કર

સાચી સફર

કશુંક પકડી રાખવા કરતાં એને છોડવાની એક મજા હોય છે.આપણે આનંદની આખી પરિભાષા બદલી નાખી છે.આકાશમાં પંખીઓ ઉડે છે..સહજ ભાર વગર મુક્તપણે વિહરવાનો એની પાસે વૈભવ છે.પંખીઓ એની પાંખો ઉપર કોઇ પેટીઓ મુકીને ઉડતાં નથી..માણસનું એથી ઉલટું છે..આપણે મનનો બોજો લઈ ફરીએ છીએ.પીઠ ઉપર મણમણના બોજ ઉપાડી ફરતા મજુર જેવી હાલત આપણી છે..

માણસની મુસાફરીઓ અને એની અનેક ખેપો ઉપર તો અઢળક કથાઓ લખાઇ છે..માણસને અભિવ્યકિતનો આશીર્વાદ મળ્યો છે..એ લખી શકે છે.ગાઇ શકે છે.સરસ રીતે બોલી શકે છે..એ બધું એના અનુભવો બનીને જમા થાય છે..સ્મરણો બની સચવાય છે..એમાંથી જો કશું અર્કરૂપ તારવી શકાય તો જ એ કામનું બાકી તો એ કેવળ યાદોનું પોટલું બનીને રહી જાય છે..

પાણીમાં તરવાની મજા છે..એની એક કળા છે..તમારે ભારવિહીન થઈ સપાટી ઉપરના જળને ધક્કો મારવાનો હોય છે..માછલી કે જળચર જીવો એમ જ સહેલગાહ કરતાં રહે છે.એમની સફર સહજ હોય છે..અફાટ દરિયો કે ઉઠતી નદીઓનાં નીર સાથે એનો નાતો જળકમળવત હોય છે..આપણે જ્યારે ચાલીએ છીએ એ પહેલાં આપણા વિચારો એ રસ્તે ચાલવા માંડે છે..આપણા મનમાં આપણું ઘર નગર ગામ કે સિમાડાઓ છૂટતા નથી..નકામો આ ભાર આપણી યાત્રાને ભારેખમ બનાવી જાય છે..

જાણે અજાણે આપણા મનોજગતમાં કામ વગરનું કેટલુંય ધરાઇ જતું હોય છે..મનના મળિયામાં જો મનગમતી વસ્તુઓ હોય તો જ આયખાનો આનંદ લઈ શકાય..આસકિત એ આપણી દુખતી રગ છે..એ સવાર થઈ જાય છે આપણી ઉપર અને આપણે દાતા રહીએ છીએ સ્મૃતિના નકામા ઢગલાની નીચે..

આપણી જાણકારી આપણું જ્ઞાન કે આપણી સાથે બાંધેલો સામાન જો આપણી સફરને સરળ ના બનાવે તો એનો કોઇ અર્થ નથી..માણસ ચાલવાથી કયારેય થાકતો નથી..ચાલવું એટલે ફક્ત સ્થુળ અર્થમાં જ નહીં..ચાલવું એટલે જીવવું પણ..ધબકતા રહેવું એ પણ..આપણી સાથે રાખેલો થેલો કે બિસ્તર જ મોટેભાગે આપણા માટે અંતરાય બની જતો હોય છે..હળવાશ અને શ્વાસનો જ્યાં સમન્વય થાય એ જ સાચી સફર.!

પંજાબના રાજકારણમાં કિસાન ફેક્ટર

તંત્રીસ્થાનેથી...

ખેડૂત આંદોલન સાથે જોડાયેલાં પંજાબનાં વિવિધ સંગઠનોએ મોરચો રચીને વિધાનસભાની ચૂંટણીમાં ઊતરવાનો નિર્ણય કર્યો છે. આવું કંઈક થશે એવો અંદેશો તો હતો જ. ખેડૂતોના પ્રશ્નો રાજયસ્તરે અને રાષ્ટ્રીય સ્તરે ખેડૂતોના જ નીવડેલા નતા દ્વારા રજૂ થાય એવું ખેતી પર નિર્ભર પંજાબ જેવા રાજયના વિશાળ ખેડૂત સમાજને પણ ગમે. ગામડાનું સાચું પ્રતિનિધિત્વ ખેડૂતોના પ્રતિનિધિઓ દ્વારા જ થઈ શકે એ હકીકત સમજતી હોવા છતાં રાજકીય પાર્ટીઓ એ પરિશ્રમી સમાજની ઉપેક્ષા જ કરતી રહી છે. આપણા લોહપુરુષ નાયબ વડાપ્રધાન સરદાર પટેલે તો શબ્દો ચોર્યા વગર સંભળાવી દીધેલું કે આ દેશમાં કોઈને છાતી કાઢીને ફરવાનો હક હોય તો ફકત ખેડૂતને છે. મહાત્મા ગાંધી ખેડૂત પુત્ર નહોતા પરંતુ એ કણમાંથી મણ પેદા કરનારા ખેડૂતને જ દેશનો સાચો માલિક ગણતા હતા. પંજાબના ખેડૂતોએ દીર્ઘકાળ પર્યંત સરકારના ખેડૂત વિરોધી કાયદાઓ સામે લડત આપી અને આખરે મોદી જેવા દૃઢ સંકલ્પવાળા નેતાએ એમની સામે ઝૂકવું પડ્યું. 'કાદા કાયદા' રદ કરવા પડ્યા એ સરકારની સ્પષ્ટ હાર અને પંજાબ-હરિયાણા તથા પશ્ચિમ ઉત્તરપ્રદેશના ખેડૂતોની જીત હતી. ભલે કૃષિમંત્રી કે બીજા કોઈ એને સરકારનું વ્યૂહાત્મક પીછેહઠ વાળું પગલું ગણી ભવિષ્યમાં મોટી છલાંગ ભરવાની બડાશ મારતા ફરે, પણ દેશના એક વિશિષ્ટ ભૂભાગના ખેડૂતોએ ખેડૂત ધારે તો શું કરી શકે એનો પરચો તો બતાવી જ દીધો છે . ખેડૂતોને જે 'રિફોર્મ' નું લોલીપોપ હજી લગી કૃષિમંત્રી બતાવવાનું ભૂલતા નથી તે અંતે તો પેલા ધનકુબેરોની ગુલામીમાં પરિણમવાનું છે તે બાબત પંજાબનો કિસાન બરાબર સમજી ગય હતો. પંજાબમાં ખેડૂતો સાથે રમત રમવી કેટલી જોખમી છે તે એ બાબતથી પણ સમજાય છે કે ભાજપની જૂની સહયોગી પ્રાદેશિક પાર્ટી અકાલી દળે તાબડતોબ ટેકો પાછો ખેંચી લઈ પોતાનાં પ્રતિનિધિ કેન્દ્રીય મંત્રી હરસિમન કૌરને રાજીનામું અપાવી દીધું. હવે જયારે પંજાબના રાજકારણમાં કોંગ્રેસ દ્વારા ઉપેક્ષિત પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહ એમની પ્રાદેશિક પાર્ટીને ભાજપ સાથે સાંકળી એક નવો પડકાર ઊભો કરી રહ્યા છે ત્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી તથા અકાલી દળના ત્રિપાંખિયા જંગમાં ચોથા પ્રતિસ્પર્ધી તરીકે અમરિંદર પણ મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે જ રજૂ થશે. અમરિંદરસિંહે ખેડૂત કાયદા પાછા ખેંચાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે તે બધા જ જાણે છે. પરંતુ એટલા માત્રથી ખેડૂતો એમની સાથે થઈ જાય એ વાતમાં માલ નથી. ખેડૂતો હજી સરકારનો પૂરો વિશ્વાસ કરતા થયા નથી. એ જુદી વાત છે કે લાંબા વખત સુધી આંદોલન ચાલુ રાખી ખેડૂતો પણ કંટાળી ગયા હતા. હવે એમને રચેલો મોરચો પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં પોતાના ઉમેદવારો ઉતારશે. એમને મુખ્યમંત્રીના ફેસ તરીકે પણ સંયુક્ત સમાજ મોરચાએ દિગ્ગજ ખેડૂત નેતા બલવીરસિંહ રાજેવાલનું નામ આગળ ધરી દીધું છે. પંજાબનાં પચ્ચીસ ખેડૂત સંગઠનોએ ચૂંટણીમાં ઝંપલાવવાનું મન બનાવી લીધું છે. સાત કિસાન સંગઠનો ચૂંટણીથી દૂર રહી ફક્ત કિસાનોના પ્રશ્ને સક્રિય રહેવા માગે છે. પરંતુ મહત્ત્વની વાત એ છે કે પંજાપના મુખ્યમંત્રીનો ચહેરો શોધી રહેલા આમ આદમી પાર્ટીને રાજેવાસ ઉપયોગી બની શકે એમ છે.આમ આદમી પાર્ટીના પંજાબના કદાવર નેતા ભગવાનસિંહ માન મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે ચાલી શકે એમ નથી. ભારતીય જનતા પાર્ટી પાસે પણ આ પદ માટે યોગ્ય મુરતિયો નથી. એથી એ પૂર્વ કોંગ્રેસી મુખ્યમંત્રી અમરિંદરના સહારે જ ચૂંટણીની વૈતરણી તરવા પ્રયાસ કરશે. કોંગ્રેસ અને અકાલી દળ પાસે તો એમના સ્થાપિત ચહેરા છે જ. અલબત્ત, નવજોત સિધ્ધુની વધુ પડતી મહત્ત્વાકાંક્ષા વર્તમાન કોંગ્રેસી મુખ્યમંત્રી માટે શિરોવેદનારુપ જરૂર બની ગઈ છે. જો કે હાઈકમાન્ડે ચન્નીને આગળ ધર્યા વિના ચાલે એમ નથી. જો નવજોત સિધ્ધુને મુખ્યમંત્રી પદના ઉમેદવાર ઘોષિત કરવા જાય તો દલિતો સામટા કોંગ્રેસથી વિમુખ થઈ આમ આદમી પાર્ટી તરફ વળે એવી પૂરી સંભાવના છે. ખેડૂતોની એન્ટ્રીથી પંજાબ વિધાનસભાની ચૂંટણી વધુ રોમાંચક બની છે. બનવાજોગ કે આ વખતે બધા રાજકારણીઓને હાંસિયે ધકેલી ખેડૂત નેતા ખેતીપ્રધાન રાજયનું સુકાન સંભાળવાની તક મેળવે.

અદાલતોમાં ૩૨૫ વર્ષ ચાલે તેટલા કેસોનો ભરાવો

"ન્યાયમાં વિલંબ એ ન્યાય ના મળવા સમાન"

તાજેતરમં સંસદમાં આપેલા આંકડા મુજબ ભારતની વિવિધ અદાલતોમાં ન્યાયિક પ્રક્રિયા કેટલી પાંગળી છે તેનું ચીત્ર સ્પષ્ટ થયેલ છે. દેશની સર્વોચ્ચ અદાલતોમાં જ ૭૦ હજારથી ઉપરાંત કેસો પેન્ડીંગ છે. જે કેલો હાઈકોર્ટ અને નીચલી અદાલતોમાંથી સાત કોઠા પસાર કરી પહોંચ્યા હોય છે. સર્વોચ્ચ અદાલત સુધી પહોંચતા જ આવા કેસોમાં ન્યાયીક પ્રક્રિયામાં જ વર્ષો વીતી જાય છે. જેનો ભોગ ન્યાય મેળવવા ઈચ્છુક લોકો બને છે. કેટલાક કિસ્સામાં તો ન્યાય માંગનારનું જ મૃત્યુ થઈ જતું હોય છે, પરંતુ ન્યાય મળતો નથી. હાઈકોર્ટમાં ૬૦ લાખ ઉપરાંત કેસો પેન્ડીંગ છે. ભારતની નીચલી અદાલતોમાં ૪ કરોડ ઉપરાંત કેસો કાયદાકીય પ્રક્રીયા અંગે પેન્ડીંગ છે. નીતી આયોગે જાહેર કરેલા આંકડા મુજબ આ કેસો ચાલતા બીજા ૩૨૫ વર્ષ નીકળી જાય તેમ છે. ધન, ધીરજ અને ધક્કા એ કહેવત સાર્થક કરતી લાંબી, અટપટી, ટેકનીકલવાળી જટીલ પ્રક્રીયાનો ભોગ અરજદારે બનવું પડે છે. લોકો ન્યાય માંગતા ગભરાય છે. કેસ કરવા કરતા કોર્ટ બહાર કે પોલીસ સ્ટેશન બહાર સમાધાનનો માર્ગ શોધે છે. વર્ષો સુધી ગુનેગારનું લેબલ લાગેલું રહે છે. જ્યાં સુધી કોર્ટમાં કેસનાં ચાલે અને નિર્દોષ છુટકારો ના થાય ત્યાં સુધી સામાજીક ઘ્રુણાનો ભોગ આરોપીએ બનવું પડે છે. સજા કાપ્યા પછી પણ સમાજ આવા આરોપીને સ્વીકારતો નથી.

ન્યાયાધિશોની સંખ્યા કેસોની સંખ્યાના પ્રમાણમાં જૂજ છે. તે સામે કાયદાવિદોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે, પરંતુ કોર્ટ એ જ જૂની ઘરેડમાં ચાલે છે. આધુનિક ટેકનોલોજીનો સૌથી ઓછો ઉપયોગ કોર્ટોમાં થાય છે. કોર્ટ કેસોનું ઓનલાઈન અપડેટ મંદ ગતીએ થાય છે, ત્યાં સુધી બીજી તારીખ આવી જાય છે. નવા ન્યાયધિશોની નિમણૂક થતી નથી. હાલમાં દેશમાં ૭૬૭૫ જેટલા જજો છે. હાઈકોર્ટમાં ૧૬૯ જગ્યા ખાલી છે. નીચલી અદાલતોમાં ૨૮૩૦ જેટલા જજોની ભરતી બાકી છે. સરેરાશ ૨૦% જજોની સંખ્યા ઓછી છે. ૧૩૦ કરોડની વસ્તીમાં ૬૪૬ જીલ્લામા માત્ર ૩૫૫૬ કોર્ટો છે. રોજ લાખો કેસોનો ભરાવો થતો જ જાય છે. દરેક જીલ્લામાં ફેમીલી કોર્ટ મંજુર કરવામાં આવી છે. જે સામે ફેમીલી અને મેટ્રોપોલીટન કેસોની સંખ્યામાં દિનપ્રતિદીન વધારો થતો જાય છે. ભરણપોષણ, છૂટાછેડા અને ચેક રીટર્નના મહત્તમ કેસો કોર્ટમાં આવે છે. જે અંગે નવા કાયદા, નવી નીતિ, નવા રૂલ્સ અમલમાં સરકારે મુકવા જોઈએ. તેવી સમયની માંગ ઉઠવા પામી છે. ૧૯૯૬માં ગ્રામ્ય ન્યાયાલયો સ્થાપવાની વાત રજુ હજુ કાગળ ઉપર છે. જસ્ટીસ એટ.પોટ.ડોર સ્ટેવાનું સૂત્ર પોકળ સાબિત થઈ રહ્યું છે. ૨૦૦૯માં ગ્રામ્ય ન્યાયાલય એક્ટ અમલમાં મુકાયો હતો જે હજુ સુધી મૂળભૂત રીતે કાર્યરત નથી. દરેક પુચાયત દિઠ એક ગ્રામ્ય કોર્ટ આપવાનું વચન ચૂંટણી પૂરતું મર્યાદીત છે. આખા ભારતમાં ફક્ત ૩૭૫ ગ્રામ્ય અદાલતો છે. મામૂલી કારણોસર કેસોમાં તારીખો એ કેસોના ભરાવાનું સૌથી મોટું કારણ છે. તથા એક દીવસની વકીલની સીક નોટએ મહત્વનું કારણ છે. જેના કારણે કોર્ટ કેસો ચાલતા નથી. સાક્ષી, પંચો, સમન્સની બજવણી પોલીસ અન્ય કામમાં બંદોબસ્તમાં રોકાયેલ હોય સમયસર લાંબી થતી નથી. તે મોટું કારણ છે. એડજોરમેન્ટ બદલ જવાબદરો સામે ખર્ચ વસૂલ કરવાનું વલણ કોર્ટ અખત્યાર કરે તો ખોટી મુદ્દત પડતી અટકી શકે. અદાલતોનતા કામના દિવસો પણ ઓછા છે. ઉનાળું અને દિવાળી વેકેશનો આપવાની પ્રથા ભારતમાં બ્રિટીશ શાસનથી ચાલતી આવી છે. વર્ષનાં ૩૬૫ દિવસોમાંથી સુપ્રિમ કોર્ટ ૧૯૩ દિવસ, હાઈકોર્ટ ૨૧૦ દિવસ, તથા નીચલી કોર્ટ ૨૧૫ દિવસ કામકાજ કરે છે.

લોક અદાલતો યોજી કોર્ટના કેસોનું ભારણ ઘટાડવાના નિર્ણય પ્રયત્નો કરવામાં આવે છે. જે કામકાજના દિવસોમાં કેસો પતે તેમ હોય તેને લોક અદાલતોના દિવસે ઠેલવામાં આવે છે. જેથી કેસોના નિકાલની સંખ્ય મોટીસ બતાવી શકાય.

છેલ્લા ૧૦ વર્ષોમાં ભા.જ.પ. શાસિત રાજ્યોમાં જીલ્લા તથા તાલુકા સ્તરે નવિન અદાલતોના મકાનોના ઉદ્ઘાટનો થયા છે, સગવડો વધી છે, પરંતુ કેસના નિકાલની સંખ્યા વધી નથી. દિવાની દાવાઓ ૧૫ વર્ષ કરતા વધુ સમય તો નીચલી અદાલતોમાં જ ચાલે છે. ત્યારબાદ હાઈકોર્ટ, સુપ્રિમ કોર્ટના ચક્કર અલગ તેથી લોકો કોર્ટ બહાર થોડું ઘણું જતુ કરી સમાધાનના પ્રયાસો કરે છે. ન્યાયનો વિલંબએ ન્યાય ના મળવા સમાન છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,

- info@trivediassociates.in

દિન મહિમા

- મિર્ઝા ગાલિબનો જન્મ - ઉર્દૂ શાયર
- લૂઈ પાશ્ચરનો જન્મ એક પ્રસિદ્ધ ફ્રાન્સીસી રસાયણશાસ્ત્રી અને પ્રતિરક્ષણ જીવવિજ્ઞાની.
- રસીકરણના ક્ષેત્રે એમના મહાનત્તમ પ્રદાન બદલ માનવજાત સદાય એમને યાદ કરશે. હડકવાની રસીનો શોધ કરી હતી.

આજનું

ઔષધ

- રોજ ગાજરનો રસ પીવાથી દમનો રોગ મટે છે

ખડખડાટ

- શિયાળા માટે સ્પેશિયલ ધમકી....
  બવ મગજમારી કરીશ તો ગાલે ઠંડા હાથ અડાડી દઈશ...

આજનો

વોટ્સએપ

- સુખી થવું હોય તો બીજાનું સુખ સહન કરતાં શીખો ...!!

વિચાર

- જે કશાની ના પાડતો નથી એને ટૂંક સમયમાં કશું ના પાડવા જેવું રહેશે નહિ.
  - માર્શિઅલ
- 'મૃત્યુ' એ તો જીવનની ફરજોમાંની એક છે
  - સેનેકા
- જ્ઞાન બોલવા પર ધ્યાન આપે છે, ડહાપણ સાંભળવા પર.
  - ઓશો
- જો 'કિતાબોં' મેં હૈ, વો 'સબ' કા હૈ, તુ બતા.... તેરા 'તજુર્બા' કયા હૈ ??
  - શ્રીધર પંડિત
- અહંકારનો ઓડકાર ખાનારને.... કયારે લાગણીનું ભોજન પચતું નથી.
  - એસ. ભટ્ટાચાર્ય

અતિતને વળી કયાં 'અંત' હોય છે, જરા યાદ કરો એટલે 'જીવંત' હોય છે

અડધી યાદો તાજી છે ને અડધી યાદો દાઝી છે,
બાકીની અડધી કંઠે ડૂમો થઈને બાઝી છે...

- મુકેશ જોષી

વર્ષ ૨૦૨૧નો અંત અને ૨૦૨૨માં આપણો પ્રવેશ એ તો કેલેન્ડરના પાનામાં બદલાઈ રહેલા વર્ષો અને દિવસોનો હિસાબ છે. આપણે તો આજીવન યાદ અને ઘટનાઓના પ્રવાસી છીએ. જેમ જેમ સમય વીતતો જાય, ઉંમર વધતી જાય તેમ તેમ આપણી પાસે રહેલો આ યાદોનો ખજાનો વધુને વધુ સમૃદ્ધ બનતો જાય. કેટલીક યાદો, કેટલાક સંબંધો, કેટલીક ક્ષણો મનના સ્મૃતિપટ પર એક ચલચિત્રની માફક નિરંતર ચાલતી રહે. વર્ષો તો આમ જ વીતતા જવાના પણ મનમાં રહેલી વાતો સતત યાદ બનીને સચવાયેલી રહેવાની. સમયની સાથે સાથે આપણા સ્વભાવમાં, વર્તનમાં, વાતોમાં પરિવર્તન આવતું જાય છે. જો કે, આ વાતનો અહેસાસ આપણને ખુદને ઓછો અને આપણી આસપાસની વ્યક્તિઓને વધુ થતો હોય છે અને તે જ પ્રમાણે આપણી અંગત વ્યક્તિઓ, મનપસંદ વ્યક્તિઓમાં આવતા ફેરફારોના મૂક પ્રેક્ષક આપણે બનતા હોઈએ છીએ.

તારા કરતાં
વધારે વફાદાર
તારી યાદ!
જૂની થઈ, ઘસાઈને ફાટી ગઈ છે.
આવીને થોડી નવી યાદો તો આપી જા !
કેટલું પરિવર્તન આવ્યું હશે,
જરા વિચાર તો કર,
તારી બાજુમાં છું ને તમે યાદ કરું છું!
થાકી ગઈ છું હું તારથી,
કેટલી કરું ફરિયાદ?
હજાર વાર કીધું છે,
બધું વિખરાયેલું ના રાખ, કપડા, કબાટ, જયાં જોઉં,
બધે ઢોળાયેલી છે તારી યાદ!

- અપેક્ષા સોલંકી

ઘણીવાર આપણે આપણી routine life માં ખૂબ વ્યસ્ત હોઈએ છતાં અચાનક જ અરીસામાં જોતા જ કોઈ ક્ષણ યાદ આવી જાય અને આપણી પાંપણનો ખૂણો આપણી જાણ બહાર ભીંજાઈ જાય. વર્ષ ૨૦૨૧ના અંતિમ ચરણમાં આપણે આવી પહોંચ્યા છીએ ત્યારે ટેલિવિઝન પર જેમ વર્ષના ટોપ-૧૦ ગીતો, ટોપ-૧૦ ફિલ્મો, ટોપ-૧૦ સ્ટાર્સ- આ તમામને માણીએ છીએ તે જ પ્રમાણે આંખો બંધ કરીને આપણા આ વર્ષની ટોપ-૧૦ મોમેન્ટ્સ, ટોપ-૧૦ વાતો, ટોપ-૧૦ યાદોને વાગોળીએ તો એક અનેરી આહલાદકતાનો અનુભવ કરી શકીએ. કેટલીક યાદોથી હૈયું ભરાઈ આવે, તો કેટલીક યાદોથી હોઠ મલકી ઊઠે. વિજયભાઈ દેસાઈ કહે છે તેમ,

"અતિતને વળી કયાં "અંત' હોય છે,
જરા યાદ કરો એટલે 'જીવંત' હોય છે."

આવનારા વર્ષોમાં યાદોનો આ કાફલો આમ જ ચાલ્યા કરશે અને એમાં વળી પાછી જોડાશે કેટલીક નવી યાદો. જીવનની આ સફર આમ જ યાદોને વાગોળતાં વાગોળતાં પૂરો થઈ જશે અને આપણને એનો ખ્યાલ પણ નહિ રહે. સંબંધો, સંજોગો, વ્યક્તિઓ - આ બધાના અવનવા રૂપને માણીને યાદોની સફરને આમ જ પૂરી કરવાનું નામ જ છે "જિંદગી.' જે મનમાં દબાયેલું સુષુપ્ત રીતે બેઠું છે તેને વ્યક્ત કરીને નવા વર્ષની ઉજવણી કંઈક અનોખી રીતે કરીએ. પત્ર ન લખો તો કંઈ નહિ પણ e-mail, sms, કે whats appથી દૂર કયાંક છૂટી ગયેલા હાથને કે છૂટી ગયેલી ક્ષણને તાજી કરીએ. મળવાનો સમય ન હોય તો કંઈ નહિ સ્મૃતિપટ પર સંબંધોની સુવાસને તો યાદોમાં ચોક્કસપણે સદાય મધમધતી રાખીએ જ. કોની પાસે કેટલી આર્થિક સમૃદ્ધિ કે વિશિષ્ટ લાયકાતો છે એ મહત્ત્વનું નથી પણ યાદોનો વૈભવ-વારસો કોની પાસે સૌથી વધુ છે, તેને countdown માં number-1 ની position આપીએ અને આવતા વર્ષે તેના બદલે આ position આપણે મેળવી શકીએ તેના માટે આજથી જ પ્રયત્નશીલ બનીએ.

- nehalgadhavi101@gmail.com

ગુજરાત વિશ્વકોશનો જ્ઞાનસાગર ઓનલાઈન થયો : અધિકૃત માહિતી હવે આંગળીના ટેરવે



૧૯૬૦માં ગુજરાત બૃહદ મુંબઈ રાજ્યમાંથી અલગ થયું એ પછીની, ગુજરાત રાજ્યની સૌથી મહત્ત્વની પાંચ ઘટનાઓ નોંધવી હોય તો તેમાં 'ગુજરાત વિશ્વકોશનું સર્જન અને પ્રકાશન' ચોક્કસ સ્થાન પામે. આ કામ હિમાલય જેવડું ગંજાવર કામ હતું. માતૃભાષા ગુજરાતીમાં વિશ્વની મોટાભાગની જરૂરી માહિતી (અધિકૃત માહિતી એમ વાંચો) મળે એ ઘટના ઘણી મોટી ગણાય. કોઈ પહાડ ચડતા હોઈએ અને એક મહત્ત્વના શિખર સુધી પહોંચીએ, એ પછી, પુનઃ યાત્રા શરૂ કરીને બીજા શિખર પર જઈએ એવું અહીં થયું છે. વિશ્વકોશના તમામ ૨૫ ગ્રંથોનું સર્જન અને પ્રકાશન થયા પછી, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે નવા શિખર તરફ પ્રયાણ કર્યું અને આપણને મળ્યો ઓનલાઈન ગુજરાત વિશ્વકોશ. સાત બારના ઉતારા, પાસબુક અને ચેકબુકને જ દસ્તાવેજ માનનારી પ્રજાની માતૃભાષા ગુજરાતીમાં વિશ્વ કોશનું સર્જન કરનારા ડૉ. ધીરુભાઈ ઠાકર સ્વર્ગમાં રાજી થયા હશે તેવું આ મહત્ત્વનું કાર્ય થયું છે. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના સક્ષમ, કુશળ અને ચુસ્ત નેતૃત્વમાં સવા કરોડની શબ્દસંખ્યા ધરાવતો વિશ્વકોશ ઓનલાઈન ઉપલબ્ધ થયો છે. ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા) પ્રગટ કરનાર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ૧૯૮૭થી ૨૦૦૯ સુધીના બાવીસ વર્ષમાં ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોનું પ્રકાશન કર્યું છે. ૧૭૦ જેટલાં વિષયો સમાવતાં ૨૪,૦૮૩ લખાણોવાળો ગુજરાતી વિશ્વકોશ ગુજરાતનો સૌથી મોટો જ્ઞાનસાગર બની રહ્યો.

સમયની માગ હતી કે ગુજરાતી વિશ્વકોશ ગ્રંથમાંથી સ્ક્રીન પર આવે. હવે જમાનો ઓનલાઈનનો છે. (દેશ ભલે હજી લાઈનસર નથી થયો, પણ ઓનલાઈનની બોલબોલા છે. આશા રાખીએ કે દેશને લાઈનસર કરવામાં ઓનલાઈન પદ્ધતિ મદદ કરે.) આવડા મોટા વિશ્વકોશને, તેના દળદાર ૨૫ ગ્રંથોને ઓનલાઈન કરવાનું કામ સહેજે સહેલું નહોતું.

આ ઑનલાઈન વિશ્વકોશના દરેક વૉલ્યુમમાં એ ગ્રંથ જે વર્ષે પ્રકાશિત થયો હોય તેનું વર્ષ મળશે, જેથી એનો ખ્યાલ આવશે કે કયા સમય સુધીની માહિતી આ અધિકરણમાંથી ઉપલબ્ધ થશે. આ ગ્રંથો વિશ્વકોશના અધિકરણના શીર્ષકથી, લેખકના નામથી કે એના વિષયથી 'સર્ચલ્ન કરીને એમ ત્રણ રીતે એની માહિતી મેળવી શકાશે. જ્યારે લેખકના નામથી સર્ચ થાય, તે વખતે એ નામ જે જે લેખમાં આવતું હશે, એ લેખ પણ તમને સાથે દેખાશે.

આ સામગ્રી મોબાઈલમાં પણ ગુજરાતી કી-બોર્ડ ઈન્સ્ટોલ કર્યા પછી ઑનલાઈન જોઈ શકાશે. આમ કમ્પ્યૂટર, લૅપટોપ કે મોબાઈલમાં આ ચોવીસ હજારથી વધુ લખાણો પ્રાપ્ત થશે. ગુજરાતની અસ્મિતાને ઉપસાવી આપતો ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, વિશિષ્ટ વ્યક્તિઓ, સંસ્થાઓ અને ગુજરાતી પ્રજાની તમામ ક્ષેત્રની પ્રવૃત્તિઓનો વિગત સમૃદ્ધ રસપૂર્ણ અધિકૃત પરિચય આમાંથી પ્રાપ્ત થશે તેમજ નિષ્ણાતો દ્વારા લખાયેલાં સ્વતંત્ર લેખોથી વિશ્વ વિશે અને ભારત વિશે અદ્યતન અને પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થશે.

પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈ જેવા સફળ અને ચપળ સુકાનીના નેતૃત્વ હેઠળ અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજીના અનુભવી પૂર્વીન દેસાઈના કાર્ય સાથે વિશ્વકોશે આ યોજના સાકાર કરવા માટે એક અલાયદી ટીમ બનાવી હતી. એ દ્વારા ગુજરાતી ભાષામાં ૮,૩૬૦ માનવવિદ્યાના, ૮,૦૮૩ વિજ્ઞાનના, ૭,૬૪૦ સમાજવિદ્યાના, ૭,૬૪૭ લઘુચરિત્રો તેમજ ૫,૦૬૩ વિસ્તૃત વ્યાપ્તિ લેખો અને ૨,૦૪૬ અનુદિત લેખો ગુજરાતની પ્રજાને ઓનલાઈન ઉપલબ્ધ કરાવાય. આ ઑનલાઈન વિશ્વકોશના દરેક વૉલ્યુમમાં એ ગ્રંથ જે વર્ષે પ્રકાશિત થયો હોય તેનું વર્ષ મળશે, જેથી એનો ખ્યાલ આવશે કે કયા સમય સુધીની

માહિતી આ અધિકરણમાંથી ઉપલબ્ધ થશે. આ ગ્રંથો વિશ્વકોશના અધિકરણના શીર્ષકથી, લેખકના નામથી કે એના વિષયથી 'સર્ચ' કરીને એમ ત્રણ રીતે એની માહિતી મેળવી શકાશે. જ્યારે લેખકના નામથી સર્ચ થાય, તે વખતે એ નામ જે જે લેખમાં આવતું હશે, એ લેખ પણ ભાવકને સાથે દેખાશે. આ સામગ્રી મોબાઈલમાં પણ ગુજરાતી કી-બોર્ડ ઈન્સ્ટોલ કર્યા પછી ઑનલાઈન જોઈ શકાશે. આમ કમ્પ્યૂટર, લૅપટોપ કે મોબાઈલમાં આ ચોવીસ હજારથી વધુ લખાણો પ્રાપ્ત થશે. ગુજરાતની અસ્મિતાને ઉપસાવી આપતો ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, વિશિષ્ટ વ્યક્તિઓ, સંસ્થાઓ અને ગુજરાતી પ્રજાની તમામ ક્ષેત્રની પ્રવૃત્તિઓનો વિગત સમૃદ્ધ રસપૂર્ણ અધિકૃત પરિચય આમાંથી પ્રાપ્ત થશે તેમજ નિષ્ણાતો દ્વારા લખાયેલાં સ્વતંત્ર લેખોથી વિશ્વ વિશે અને ભારત વિશે અદ્યતન અને પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થશે.

નવી પેઢી ડિજિટલ પેઢી છે. તે ઓનલાઈન પેઢી છે. એને બધુ પરદા પર જોવાની, વાંચવાની, માણવાની અને શોધવાની ટેવ છે. ગૂગલ સહિત અન્ય સુવિધા છે જ્યાં તમે તમારે જોઈતી હોય તે માહિતી શોધી શકો છો, પણ એમાં ક્યારેક અધિકૃતતાની સમસ્યા થતી હોય છે. ગુજરાત વિશ્વકોશમાં જે માહિતી ઉપલબ્ધ કરાવાઈ છે એ માહિતી એક-બે નહીં, સત્તર ગળણે ગળીને મૂકવામાં આવી હોય છે. એમાં ખોટી માહિતી, અધૂરી માહિતી, બળતી માહિતીનું જોખમ રહેતું નથી.

એક વખત ફાધર વાલેસ અમદાવાદમાં આવેલા. તેમના જાહેર કાર્યક્રમો યોજાયેલો. આ લખનાર તેનો સંયોજક હતો. એક વાચકનો ફોન આવ્યો. તેણે કહ્યું કે ફાધર વાલેસને કહો કે તેમણે એક પુસ્તકમાં નેહરૂ બ્રીજ (અમદાવાદ)ની સ્થાપના તારીખ લખી છે એ ખોટી છે. આ લખનારે ફાધર વાલેસને આ વાત પહોંચાડીને પૂછ્યું કે આપે નેહરૂ બ્રીજનો સ્થાપના સમય ક્યાંથી મેળવીને લખ્યો હતો ? નાના બાળકની જેમ, નિર્દોષતાથી કહ્યું કે ગુગલ પરથી.

આવું થાય છે. ક્યારેક ગુગલની માહિતીમાં ભૂલ કે ચૂક હોય છે. એ માહિતીનો મહાસાગર છે, પણ એ અધિકૃત સ્રોત નથી. હવે ગુજરાત વિશ્વકોશના તમામ ગ્રંથો ઓનલાઈન ઉપલબ્ધ થયા છે એટલે જેને જરૂર હશે તે અધિકૃત માહિતી મેળવી શકશે.

●●●

ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધન માટે છેલ્લાં ત્રીસ વર્ષથી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સાતત્ય, ધીરજ, ચોકસાઈ અને નિસબતથી કાર્ય કરી રહ્યું છે. આવાં કામો આ રીતે જ થાય. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે માત્ર ગુજરાતી વિશ્વકોશની રચના નથી કરી, તેણે તેની યાત્રા હવે તો વિશ્વ સંસ્કૃતિના પ્રસાર અને પ્રચાર સુધી પહોંચી છે.

બીજી ડિસેમ્બર, ૧૯૮૫ના રોજ વિશ્વકોશની સ્થાપના, એક રસોડામાં થઈ ત્યારે તેનું મુખ્ય કામ ગુજરાતી વિશ્વકોશનું સર્જન કરવાનું હતું. ભારતીય ભાષાઓ હિન્દી, ઉડિયા, બંગાળી પાસે વિશ્વકોશ હતા, પણ ગુજરાતી ભાષામાં વિશ્વકોશ (એન્સાઈક્લોપીડિયા) નહોતો. પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર દ્વારા આ મહાન જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ તેમાં જોડાયા. મેં તો ચલા થા અકેલા, લૉગ આતે ગયે કારવાં બનતા ગયા... પછી તો ગુજરાતના કુલપતિઓ, આચાર્યો, વિજ્ઞાનીઓ, અર્થશાસ્ત્રીઓએ પોતપોતાની રીતે અને પ્રીતે અર્ધ્ય અર્પણ કર્યો. ગુજરાતી વિશ્વકોશના એકથી ૨૫ ગ્રંથોમાં માનવવિદ્યાના ૭૯૬૫, વિજ્ઞાનના ૭૯૩૫, સમાજવિદ્યાના ૭૧૯૦ એમ કુલ ૨૩૦૯૦ લખાણો ધરાવતો આ વિશ્વકોશ ગુજરાતનો જ્ઞાનસાગર પુરવાર થયો છે. આ ૨૫ ગ્રંથોની શબ્દ સંખ્યા સવા કરોડથી વધુ થાય છે. નોંધપાત્ર બાબત એ છે કે, દરેક ગ્રંથને અંતે ગુજરાતી કે અંગ્રેજી અને અંગ્રેજીથી ગુજરાતી પરિભાષા પણ મૂકવામાં આવી છે. આ ઉપરાંત સર્જક શ્રી ચંદ્રકાંત શેઠની આગેવાનીમાં દસ ભાગમાં બાળ વિશ્વકોશ તૈયાર થયો છે. તેમાં ૬૧૭૬ ચિત્રો, ૨૩૫૦ લેખો, ૭૨૨ ચરિત્રો તથા આર્ટ પેપરમાં છપાયેલો ૨૯૭૨ પૃષ્ઠનો અનોખો બાળ વિશ્વકોશ છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા નિયમિત રીતે વિશ્વ વિહાર સામયિક દર મહિને પ્રકાશિત થાય છે. તેમાં વાચકોને વિશ્વની અદ્યતન ગતિ-વિધિઓ અને સંશોધનની માહિતી આપવામાં આવે છે. આ સંસ્થાના નેજા હેઠળ બૃહદ નાટ્યકોશ અને નારી કોશ જેવા એન્સાઈક્લોપીડિયા પણ તૈયાર થઈ રહ્યા છે.

અમદાવાદના ઉસ્માનપુરા વિસ્તારમાં આવેલા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ઈમારતમાં તમે જાઓ તો એવી પ્રતીતિ થાય કે, આ કોઈ વિદ્યાની મોટી યુનિવર્સિટી છે, સંશોધન કેન્દ્ર છે, તપોભૂમિ છે. સાચી સાધના અને નિષ્ઠા કેવું મોટું કામ કરાવી શકે તે તમને અહીં જોવા મળે. ગુજરાત વિશ્વકોશ ભવનમાં ગ્રંથાલય, કમ્પ્યુટર વિભાગ, વિદ્વાનો માટેના અલાયદા ખંડો, બે ખૂબ જ સુંદર અને સગવડવાળાં સભાગૃહો, સેમિનાર ખંડ, ગ્રંથ ભંડાર જોવા મળે. અહીં દશ્ય શ્રાવ્ય ખંડ (ઓડિયો વિઝ્યુઅલ) ખંડ પણ તૈયાર થયો છે.

કોરોનાની મહામારીમાં અહીં નિયમિત રીતે સતત ઓનલાઈન કાર્યક્રમો થયા છે. અહીં દર મહિને ઓછામાં ઓછા પાંચેક કાર્યક્રમોનં આયોજન થયું હતું. શિક્ષણ, સાહિત્ય, લોકસાહિત્ય, ટેકનોલૉજી, ચિત્રકામ, નૃત્ય, વાચિકમ્ જેવા કાર્યક્રમો યોજાયા હતા. કોરોનાગ્રસ્ત લોકોને ગુજરાત વિશ્વકોશના આ કાર્યક્રમોએ ઘણી રાહત આપી હતી. એ પણ નોંધવું જોઈએ કે, કોરોના અંગેની, તેની સારવાર માટેની અનિશ્ચિત માહિતીના દોર અને ધોધમાં વિશ્વકોશ દ્વારા નિષ્ણાતોની મદદથી લોકોને સાચી માહિતી અપાઈ હતી. આ એક સમાજ ઉપયોગી અને ગંભીર કામ વિદ્યાની સંસ્થાએ કરી બતાવ્યું હતું.

વિશ્વકોશના નેજા હેઠળ સમાજને બધા જ પ્રકારની સ્વસ્થતા તરફ લઈ જાય તેવા કાર્યક્રમો સતત થતા જ રહે છે. ગુજરાત વિશ્વકોશ સંસ્થા નાની ઓળખ અને નાના પરિઘમાંથી ક્યારની ય બહાર નીકળી ગઈ છે. આ સંસ્થાના નેજા હેઠળ જુદી જુદી વ્યાખ્યાન શ્રેણીઓનું નિયમિત આયોજન થાય છે. આ વ્યાખ્યાન શ્રેણીઓના વિષયો અને વક્તાઓ સ્તરીય અને ગુણવત્તાસભર જ હોય છે. નોંધવા જેવી બાબત એ છે કે, વિષયની પસંદગી ખૂબ જ ચીવટથી કરવામાં આવે છે. શાશ્વત મૂલ્યો અને સાંપ્રત જરુરિયાતનો સુંદર સમન્વય કરવામાં આવે છે. વક્તાઓ પણ જાણે છે કે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી બોલવું એટલે ખૂબ મહેનત કરીને બોલવું અને વિષયાંતર વગર બોલવું. અહીં યોજાતાં વ્યાખ્યાનો સમયસર શરુ થાય, વિષયને સંપૂર્ણ ન્યાય અપાય અને સમયસર પૂરાં પણ થાય. ક્યાંય તમને આટલી શિસ્ત અને ચોકસાઈ ભાગ્યે જ જોવા મળશે. ઘણા વ્યાખ્યાનોમાં જીજ્ઞાસુ શ્રોતાઓ સાથે પ્રશ્નોત્તરી પણ રાખવામાં આવે છે. અમદાવાદ શહેર હવે જાણી ગયું છે કે, ગુજરાત વિશ્વકોશ ભવનમાં ખૂબ જ જરુરી, રસપ્રદ, પ્રેરક અને સ્તરીય વ્યાખ્યાનો યોજાય છે. એક ચોક્કસ વર્ગ આ વ્યાખ્યાનો સાંભળવા નિયમિત આવે છે.

અનુસંધાન પાના નં. ૭ પર